


# દરેક ટીપું ગણાય છે.

કરબલાના સૌથી નાના શહીદ, હજરત અલી અસગર (અ.), ની યાદમાં, અલી અસગર વોટર અપીલ એ એક શક્તિશાળી પહેલ છે જેનું લક્ષ્ય કોમને શુદ્ધ અને સાફ પાણી પ્રદાન કરવું છે.

અલી અસગર વોટર અપીલ એ શુદ્ધતા અને જીવનના મૂળભૂત અધિકારનું પ્રતીક છે જે દરેક વ્યક્તિ લાયક છે, ખાસ કરીને બાળકો જે પાણીની અછત અને દૂષણની વિનાશક અસરો થી સૌથી વધુ પ્રભાવિત છે.

વૈશ્વિક પાણીની કટોકટી એ આપણા સમયના સૌથી પ્રબળ મુદ્દાઓમાંની એક છે.






સાફ પાણી એ લોક સ્વાસ્થ્યનો આધાર છે. તે પાણીજન્ય રોગોને ફેલાવાથી રોકે છે, હાનિકારક સૂક્ષ્મજીવોના પ્રસારણને ઘટાડે છે અને યોગ્ય સ્વચ્છતા જાળવી રાખે છે. સાફ પાણી અને પર્યાપ્ત સ્વચ્છતાની પહોંચ નોંધપાત્ર રીતે સ્વાસ્થ્ય સુધારી શકે છે, શૈક્ષણિક તકોને વધારી શકે છે અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપી શકે છે.

એક દાયકાથી વધુ સમયથી, અલી અસગર વોટર અપીલ આશાનું એક કિરણ છે, જે સૌથી વધુ પાણીની અછત ધરાવતા કેટલાક વિસ્તારોમાં સ્વચ્છ પાણીની પહોંચ સુધારવા માટે કામ કરી રહ્યું છે. આ વર્ષે, અમે તુર્કી, બાંગ્લાદેશ, તાંઝાનિયા, કેન્યા, પાકિસ્તાન અને ઇન્ડિયામાં જીવનને બદલી શકે તેવા ટકાઉ પાણીના ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.




અલી અસગર વોટર અપીલને ટેકો આપીને, તમે કાયમી બદલાવ લાવવામાં મદદ કરો છો. અમારા પ્રોજેક્ટ્સ સાફ પાણી પહોંચાડવા, યોગ્ય સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા અને કોમને સ્વચ્છતા પદ્ધતિઓ વિશે શિક્ષિત કરવા માટે કરવા માટે રચાયેલ છે.

WF-AIDની અલી અસગર વોટર અપીલ અસરકારક 'બિલ્ડ અ વેલ' પ્રોજેક્ટ્સ અને વ્યાપક વોટર સેનીટેશન એન્ડ હ્યગીન (WASH) પહેલને અમલમાં લાવા માટે વચનબદ્ધ છે. આ પ્રયાસો માત્ર પાણી પહોંચાડવા જ નથી; તેઓ બધા માટે સ્વસ્થ, વધુ પ્રતિષ્ઠિત જીવન સુનિશ્ચિત કરવા વિશે છે.




[કૂવો બનાવો]

અમે અમારા વૈશ્વિક કોમને અલી અસગર વોટર અપીલ ૨૦૨૪ ને સમર્થન આપવા માટે વિનંતી કરીએ છે. તમારું દાન અસંખ્ય વ્યક્તિઓના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન લાવી શકે છે. તમે નીચેની રીતે યોગદાન આપી શકો છો:

**દાન:** દરેક યોગદાન, ભલે ગમે તે હોય, જરૂરિયાતમંદોને સાફ પાણી પહોંચાડવામાં મદદ કરે છે.
**ભંડોળ ઊભું કરનાર:** કોમમાં કાર્યક્રમોનું આયોજન કરો, પ્રાયોજિત પ્રવૃત્તિઓમાં ભાગ લો અથવા ભંડોળ ઊભું કરવા માટે તમારી સ્થાનિક મસ્જિદ સાથે જોડાવો.
**જાગૃતિ ફેલાવો:** વ્યાપક સમર્થન માટે તમારા મિત્રો, કુટુંબીજનો અને સોશ્યિલ નેટવર્ક્સ સાથે અપીલ વિશેની માહિતી શેર કરો.

આ મહાન કાર્યમાં અમારી સાથે જોડાઓ. સાથે મળીને, અમે અલી અસગરના વારસાને સન્માન આપી શકીએ છીએ અને અસંખ્ય જીવન પર કાયમી અસર કરી શકીએ છીએ. આજે જ દાન કરો અને સાફ પાણી માટેની લડાઈમાં અમને મદદ કરો.

**અલી અસગરવોટર અપીલએક દાનકરતાં વધુછે; તે ગૌરવ, આરોગ્ય અનેઆશાને પુનઃસ્થાપિત કરવાનીએક કાર્યછે.**

**અમારા 'બિલ્ડ અવેલ' પ્રોજેક્ટ્સ અને WASH પહેલને સમર્થન આપીને, તમે પરિવર્તનના એક ભાગીદાર બનો છો, પાણીજન્ય રોગોથી મુક્તિ અને આશા અને તકના ભવિષ્યને પ્રોત્સાહન આપવા માટે સશક્તિકરણ કરો છો.**

**આજે દાન કરો - દરેક ટીપું ગણાય છે!**